પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭● અંક : ૧૫૩● કુલ પાના : ૪● તારીખ : ૨૨-૦૨-૨૦૨૪ ગુરૂવાર ●કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦



વિકસિત ભારત વિકસિત ગુજરાત

માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ્હસ્તે



વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા

## કુલ ₹ ૪૪ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનો

લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ



### લોકાર્પણ અને ખાતમુહૂર્તનાં કામોની યાદી

- ₹ ૨૨,૫૦૦ કરોડથી વધુનાં ખર્ચે કાકરાપાર એટોમિક પાવર પ્રોજેક્ટના 3 અને ૪ યુનિટ થકી પેદા થશે સ્વચ્છ ઊર્જા
- નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ₹ ૧૦,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો કરશે રાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્રે મજબૂતીકરણ
- માર્ગ અને મકાન વિભાગના ₹ ૨,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી નાગરિકોની પરિવહનની સરળતામાં વધારો
- ભારતીય રેલવેના ₹ ૧,૧૦૦ કરોડથી વધુનાં કાર્યો આપશે આંતરરાજ્ય મુસાફરીને વેગ
- સુરત મહાનગર પાલિકા, SUDA અને ડ્રીમ સિટીના ₹ ૫,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી ઈઝ ઓફ લીવિંગને મળશે વેગ
- ₹ ૬૦૦ કરોડથી વધુનાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં વિકાસકાર્યો પ્રદૂષણ નિયંત્રણમાં આપશે યોગદાન
- જળ સંપત્તિ વિભાગના ₹ 300 કરોડથી વધુનાં વિકાસકાર્યો થકી દૂર તથા વંચિત પ્રદેશોને પાણીનું કનેક્શન મેળવવામાં મળશે લાભ
- વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૧૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી આવનારી પેઢીનું વિજ્ઞાન ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્ય
- પાણી પુરવઠા વિભાગના ₹ ૫૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી નાગરિકોની રોજીંદી જીવનશૈલીમાં આવશે સરળતા
- આદિજાતિ વિકાસ વિભાગના ₹ ૧૦૦ કરોડથી વધુનાં કાર્યો બનશે આદિજાતિ ભાઈ-બહેનો માટે પ્રગતિનું સરનામું
- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ૭૫ કરોડથી વધુનાં કાર્યો દ્વારા કૌશલ્યવર્ધન વિકાસને મળશે બળ
- ગૃહ વિભાગનાં ₹ ૨૦૦ કરોડથી વધુના કાર્યો કરશે વ્યવસ્થાપનનું વિસ્તૃતિકરણ
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૯૦૦ કરોડથી વધુના કાર્યો શહેરીજનો માટે બનશે પ્રગતિશીલ લાઈફસ્ટાઈલનું સીમા ચિહ્ન
- પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના ₹ ૪૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્ય દ્વારા ભૂમિ પ્રદૂષણ અને જળ પ્રદૂષણના જોખમ પર નિયંત્રણ
- PM MITRA (મેગા ટેક્સટાઈલ પાર્ક) ની કામગીરીનો પ્રારંભ

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

અતિથિ વિશેષ

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા) નવસારી, ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ

**શ્રીમતી દર્શનાબેન જરદોશ**
માનનીય કેન્દ્રીય રા. ક. મંત્રી, રેલવે અને કાપડ ઉદ્યોગ

**શ્રી કનુભાઈ દેસાઈ**
માનનીય મંત્રી, નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, ગુજરાત

**શ્રી બલવંતસિંહ રાજપુત**
માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

**ડૉ. કુબેરભાઈ ડીંડોર**
માનનીય મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત

**શ્રી હર્ષભાઈ સંઘવી**
માનનીય મંત્રી (રા.ક.) ગૃહ અને ઉદ્યોગ, ગુજરાત


**શ્રી મુકેશભાઈ પટેલ**
માનનીય મંત્રી (રા.ક.), વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માનનીય મંત્રી (રા.ક.), આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : ડી ડી ન્યુઝ CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat | તારીખ: ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ | સમય: સાંજે ૪:૦૦ વાગે | સ્થળ: પીએમ મિત્ર ટેક્સટાઈલ પાર્ક, વાંસી-બોરસી ગામ, નવસારી



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



વિકસિત ભારત
વિકસિત ગુજરાત

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્દહસ્તે

**વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા**

ભારત સરકાર અને ગુજરાત સરકારના
કુલ ₹**૧૩,૦૦૦ કરોડ**થી વધુના વિવિધ પ્રકલ્પોનાં

# લોકાર્પણ અને ખાતમુહૂર્ત



| | | |
|---|---|---|
| વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ₹૨૫૦૦ કરોડથી વધુના ૪ પ્રકલ્પો | રેલવે મંત્રાલયના ₹૨૩૦૦ કરોડથી વધુના ૫ પ્રકલ્પો | પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના ₹૨૧૦૦ કરોડથી વધુના ૨ પ્રકલ્પો |
| માર્ગ અને મકાન વિભાગના ₹૧૭૦૦ કરોડથી વધુના ૨૧ પ્રકલ્પો | સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ભારત સરકાર તથા માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકારના ₹૧૬૦૦ કરોડથી વધુના ૨ પ્રકલ્પો | વિવિધ વિભાગોના ₹૨૮૦૦ કરોડથી વધુના ૨૩ પ્રકલ્પો |

**ભારતીય વાયુસેનાનું ડીસા ખાતે નિર્માણ પામનાર વાયુ મથક દેશના સંરક્ષણ અને આર્થિક સમૃદ્ધિને સક્ષમ બનાવશે. વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા માર્ગો, પુલ, રેલવે લાઈન, મકાનો, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક સંસ્થાનો તેમજ પ્રવાસન અંતર્ગત વિવિધ પ્રકલ્પોના નિર્માણથી દેશની સમૃદ્ધિમાં અને નાગરિકોની સુવિધામાં વધારો થશે.**

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

:: વિશેષ ઉપસ્થિતિ ::

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા), નવસારી, ગુજરાત

**શ્રી ઋષિકેશ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

**શ્રી બલવંતસિંહ રાજપુત**
માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
માનનીય મંત્રી, જળસંપતિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, ગુજરાત

**શ્રીમતી ભાનુબેન બાબરીયા**
માનનીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત

**શ્રી ભીખુસિંહજી પરમાર**
માનનીય રા. ક. મંત્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારિતા, ગુજરાત

DD NEWS **Live Telecast on DD NEWS**

તારીખ : ૨૨-૦૨-૨૦૨૪, ગુરુવાર | સમય : ૧૧-૦૦ વાગે | સ્થળ : વાળીનાથ મહાદેવ મંદિર, ઊંઝા વિસનગર રોડ, મુ. તરભ, તા. વિસનગર, જિ. મહેસાણા.

# ઝાલોદ મીઠાચોક વિસ્તારમાં રાત્રિમા અગમ્ય કારણસર મકાનમા લાગી ભીષણ આગ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં રાત્રિના આશરે ૯ થી ૧૦ વાગયાના આસપાસ મીઠાચોક ખાતે એક મકાનમાં અગમ્ય કારણસર એક મકાનમાં આગ ભભૂકી ઉઠી હતી. તેની જાણ આસપાસના રહીશોને થતા ટોળેટોળા ઉમટી પડયા હતા અને સ્થાનિકો દ્વારા ભયંકર આગ લાગી હોવાની જાણ તાત્કાલિક ઝાલોદ નગર પાલિકા ફાયર બ્રિગેડ ટીમને જાણ કરાઈ હોવાથી તાત્કાલિક ધોરણે રાહત ટીમ દોડીને આવીને આગ પર કાબુ મેળવયો પરંતુ ઘર વખરીનો તમામ સામાન બળીને રાખ થઈ જતા ઘર માલિકને મોટી મુસીબતનો સામનો કરવો પડયો, ત્યારે બીજી તરફ ઘરમાં રેહતા સદસ્યો સમયસૂચકતા



વાપરતા ઘર માથી સલામત રીતે બહાર આવી જતા મોટી દુર્ઘટનાથી બચી જવા પામ્યા હતા તેમજ ઘરના સભ્યો મોટી જાનહાનિ બચી સલામત બહાર નિકળી આવ્યા હોવાની વિગતો જણાય આવે છે. ત્યારે આગ લાગવાનુ ચોક્કસ કારણ હજી સુધી અકબંધ જણાય છે, પરંતુ આગની લપેટમાં ઘરનો તમામ કિમતી સરસામાન બળીને રાખ થઈ ગયો હતો .

તેમજ સમગ્ર નગરમાં આગ લાગવાની દુખ ઘટના જણાય આવતા નગરજનોના ટોળેટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ખાસ કરી આસપાસમાં રેહતા રહીશોને આગ લાગી હોવાનુ જાણ થતા તાત્કાલિક ધોરણે બચાવ કામગીરી હાથ ધરી મદદે દોડી આવ્યા હતા,ઘરનો સભ્યોએ સલામત રીતે બહાર નિકળી આવતા લોકોએ હાશકારો અનુભવાયો હતો, પરંતુ આગ ભયંકર લાગી હોવાના કારણે ઘરમા રેહલા સામાન ભળીને રાખ થઈ ગયો હોવાની વિગતો જણાય આવે છે.

ત્યારે આ બાબતે સ્થાનિક અધિકારીઓ મામલતદાર અને પોલીસ સહિતનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને આગને કાબુ કરવા તમામ પ્રયત્ન કર્યા હતા. ત્યારે આગના કારણે ઘર માલિકને મોટુ નુકશાન પહોચ્યું હોવાથી સરકારી આર્થિક સહાય પ્રદાન કરવામાં આવે તેવી માંગ પણ જણાઈ આવે છે.

# કલેક્ટરની વિશેષ ઉપસ્થિતિમાં દેવગઢબારિયા મામલતદાર કચેરી ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો

દાહોદ,

લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જેમાં કોઈ પણ અરજદાર વ્યકિતગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિવિષયક અને સર્વિસ મેટર સિવાયના કામોનો નિકાલ સંબંધિત કચેરીમાં થતો ન હોય તો તેવા કામોનો નિકાલ આ કાર્યક્રમમાં કરવામાં આવે છે. જે મુજબ વર્ષ ૨૦૨૪નો ફેબ્રુઆરી મહિનાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૧મીએ યોજાયો હતો.

આજરોજ દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા સ્વાગત કાર્યક્રમમાં યોજાયા હતા. કલેકટર યોગેશ નિરગુડે એ દેવગઢબારિયા મામલતદાર કચેરી ખાતે ઉપસ્થિત રહી લોકોના પ્રશ્નોને રૂબરૂ સાંભળી નિરાકરણ કર્યું હતું. આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૧૨ જેટલા પ્રશ્નોનો હકારાત્મક રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.

તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પ્રાંત અધિકારી જયોતિબા ગોહિલ,મામલતદાર સમીર પટેલ સહિત અધિકારી ઓ કર્મચારી ઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ ખાતે “વિશ્વ માતૃભાષા” દિવસની ઉજવણી કરવામાં આવી

દાહોદ,

અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દાહોદ ખાતે તારીખ ૨૧ ફેબ્રુઆરીએ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સહયોગથી ‘‘વિશ્વ માતૃભાષા દિવસ’’ની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય બી.આર.બોદરએ સૌને આવકારી ગુજરાતી ભાષાનું ગૌરવ કરવા સૌને આહવાન કર્યું હતું.

આ ઉજવણી અંતર્ગત બે ગુજરાતી ભાષાના તજજ્ઞ વક્તાઓએ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ડો. રાજેશભાઈ વણકર (સરકારી વિનયન કોલેજ, ગરબાડા)એ ગુજરાતી કવિતા અને સાહિત્યના ઉદાહરણો દ્વારા માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું. ગુજરાતી ભાષાનું મૂળ સાચવી રાખવાની અને સંસ્કૃતિને જાળવવા માટે માતૃભાષા સાચવવી પડશે એવો આગ્રહ પણ સેવ્યો હતો. માતૃભાષા સાથે ભાવ જોડાયેલો છે. તેમજ ઉમાશંકર જોશી, દલપતરામની કવિતાઓના ઉદાહરણો આપ્યા હતાં. અને ભાષા મહાન છે તે બાબત સ્પષ્ટ કરી આપી હતી.

ડો. રોહિત કપૂરી (એસોસિયેટ પ્રોફેસર, કે.આર. દેસાઈ આર્ટસ કોલેજ, ઝાલોદ)એ ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસક્રમ દર્શાવી વિવિધ કહેવતો, રૂઢિપ્રયોગો, ચેષ્ટાઓ, સંકેતો દ્વારા ગુજરાતી ભાષાની આંતરિક ભાવસમૃદ્ધિની સોદાહરણ ચર્ચા કરી હતી. આ ઊજવણી વાઈસ પ્રિંસિપાલ ડો હરેશ કે.પંચાલે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંયોજન ડો નમ્રતાબેન મકવાણાએ અને સંચાલન પ્રો.ડો ધવલ જોશીએ કર્યું હતું. તેમજ આભારવિધિ ડો કમલેશ ગાયકવાડે કરી હતી.

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થીઓનો સાપુતારા મુકામે એડવેન્ચર અને નેચર એજ્યુકેશન કેમ્પ

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસિયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના ૧૭ વિદ્યાર્થીઓ જેમાં ૮ વિદ્યાર્થીનીઓ અને ૯ વિદ્યાર્થીઓએ સાપુતારા મુકામે ભાગ લીધો હતો. આ સાહસિક પ્રવૃત્તિ માટે અમદાવાદની ફર્શિં– ર્મિંચ ફોર એડવેન્ચર સંસ્થાના સહકારથી કરેલ હતો. તા.૧૪–૧૮/૦૨/૨૦૨૪ દરમ્યાન આ સમગ્ર કેમ્પનું આયોજન કોલેજ ના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ વિભાગના ડાયરેકટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ડૉ. વી. જે. ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળતાપૂર્વક અને સલામત રીતે પૂર્ણ કરવા બદલ કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી એ અભિનંદન પાઠવીને શુભેચ્છા પાઠવે છે. તેમજ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે.

## જિલ્લા શિક્ષણાધિકારી સુરેન્દ્ર દામાએ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષા પર્વ અંતર્ગત માર્ગદર્શન પૂરૂં પાડ્યું

દાહોદ,

જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ની દાહોદ તથા ગુરૂકુળ વિદ્યાલય છાપરી ના સંયુક્ત ઉપક્રમે પરીક્ષા પર્વ ૬.૦ અંતર્ગત ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓમાં પરીક્ષા નો ભય દૂર થાય અને તેઓ પરીક્ષા માટે માનસિક રીતે સુસજ્જ બને તે માટે મોટીવેશનલ સ્પીચનો એક કાર્યક્રમ ગુરૂકુળ વિદ્યાલય છાપરી ખાતે યોજાયો હતો. જેમાં મોટીવેશનલ સ્પીકર તરીકે જે એન્ડ આર બી એડ કોલેજના પ્રાધ્યાપક મૌલિકભાઈ ક્ષત્રિય અને સરકારી પોલીટેકની કોલેજ દાહોદના પ્રાધ્યાપક ઉત્પલ ગણાત્રા એ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું બંને મોટીવેશનલ સ્પીકરો દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વાર્તા અને જોક્સ ના માધ્યમથી પરીક્ષાનો હાઉ દૂર થાય અને પરીક્ષાના માનસિક ભયથી તેઓ મુક્ત બને તે રીતે વક્તવ્ય આપ્યા હતા.

જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ.દામાએ વિદ્યાર્થીઓ તણાવમુક્ત રીતે પરીક્ષા આપે તે માટે સ્વાનુભવ આધારિત ભાથુ પીરસી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં શિક્ષણ નિરીક્ષક આર આર ભોકણ તથા મોડેલ સ્કૂલ ધાનપુરના આચાર્ય આર એમ પ્રજાપતિ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું

## સિંગવડ-પીપલોદ વચ્ચે બસોની અપૂરતી સુવિધાના લીધે મુસાફરો તથા વિદ્યાર્થીઓની ખાનગી ગાડીઓમાં જોખમી મુસાફરી

દાહોદ,

પીપલોદ થી સિંગવડ આવવા માટે બસોની સુવિધા પૂરતા પ્રમાણમાં નહીં હોવાના લીધે મુસાફરો તથા વિદ્યાર્થીને કલાકો સુધી બેસી રહેવું પડતું હોય છે, જયારે મુસાફરો તથા વિદ્યાર્થીઓ બસો નહીં હોવાના લીધે પ્રાઈવેટ વાહનોમાં બેસવા અથવા ઉભા રહેવા મજબૂત થવું પડે છે. જયારે પીપલોદ થી સિંગવડ પ્રાઈવેટ વાહનો ચાલતા હોય છે. જેથી આ વાહનોમાં બેસવાની કેપીસીટી ૧૫ થી ૨૦ જણાની હોય છે પરંતુ આ પ્રાઈવેટ વાહનોની કેપેસિટી કરતા પણ ઘણા વધારે પેસેન્જર બેસાડવામાં આવતા હોવાથી વાહનોની આજુબાજુ તથા ઉપર પેસેન્જર બેસાડવામાં આવતા હોય છે. તેના લીધે એકસીડન્ટ થવાનો ભય રહેતો હોય છે. જો કોઈ પણ પેસેન્જર વાહનની આજુબાજુ ટગાઈ ને આવતા જતા હોય અને તે સમયે પેસેન્જર ટંગાયેલો પડે તો સામેથી કે પાછળથી આવતા વાહનોનો શિકાર બની શકે તેમ છે. જ્યારે આ પ્રાઈવેટ વાહનો દ્વારા તેની કેપીસીટી કરતા વધારે મુસાફરો બેસાડવાના લીધે એકસીડન્ટ થવાનો ભય રહે છે. જયારે પીપલોદ થી સિંગવડ પર બસોની સુવિધા વધારવામાં આવે તો મુસાફરો પ્રાઈવેટ વાહનો ઉપયોગ ઓછો કરે અને એકિસડન્ટ થવાનો ભય પણ ઓછો રહે તેમ છે. જયારે આ પ્રાઈવેટ વાહનો વાળા તેની પ્રાઈવેટ વાહનોમાં વધારે પડતા મુસાફરો બેસાડતા હોય છે, માટે આ લાગતા વળગતા અધિકારીઓ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે અને નવી બસો ચાલુ કરવામાં આવે જેથી મુસાફરો તથા વિદ્યાર્થીઓ લાભ લઈ શકે અને પ્રાઈવેટ વાહનોનો ઓછો લાભ લે તેવી મુસાફરોની તથા પેસેન્જરની માંગ છે.

## જાન્યુઆરીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા




બાલાસીનોર,

બાલાસિનોર તાલુકા સહિત મહીસાગર જિલ્લામાં વિવિધ તાલુકામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વિવિધ જગ્યાઓ પરથી જાન્યુઆરી મહિનામાં સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી અંબિકા ફરસાણના સેમ્પલ ફેઈલ થતાં ૨૫,૦૦૦/નો દંડ ફટકારાતા ફરસાણની દુકાનો સહિત મિલાવટ કરનાર વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર નગર વિસ્તારમાં આવેલા રાજપુર દરવાજા પાસે અંબિકા ફરસાણ સહિત અન્ય જગ્યાઓ પરથી જાન્યુઆરી મહિનામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યા હતા. લેબોરેટરીમાં કોપરાપાકનુ સેમ્પલ સ્ટાન્ડર્ડ ફૂડ તરીખે ના થયાનો અહેવાલ મહીસાગર જિલ્લા અધિક નિવાસી કલેકટરને મોકલી આપવામાં આવ્યો હતો. રીપોર્ટના આધારે મહીસાગર અધિક નિવાસી કલેકટર દ્વારા અંબિકા ફરસાણ દુકાનના માલિકને રૂા.૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. ફરસાણની દુકાનને દંડ ફટકારાની જાણ નગરમાં થતા ફરસાણની દુકાનો સહિત મિલાવટ કરનાર પાસ–વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

## ગોધરા ગોન્દ્રા છકડાવાસની પરણિતાને પતિ દ્વારા શારીરિક માનસીક ત્રાસ કંટાળી ગળે ફાંસો ખાઈ આપઘાત પ્રયાસ કરતાં સારવાર હેઠળ સિવિલમાં ખસેડાઈ

ગોધરા,

ગોધરા ગોન્દ્રા છકડાવાસમાં રહેતા વ્યકિતએ ફરિયાદીબેન સાથે લગ્ન કર્યા બાદ અવારનવાર પૈસાની માંગણી કરતા હોય અને શારીરિક માનસીક ત્રાસથી કંટાળી જઈ પરણિતાએ કંટાળી જઈ ગળે ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતાં આસપાસના માણસો આવી જઈ ઉતારીને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના ગોન્દ્રા છકડાવાસમાં રહેતા પરણિતા ખુશ્બુ મોહમંદ કામરાન છકડા જે બ્લુવેક સ્કુલમાં ખાનગી શિક્ષક તરીકે નોકરી કરી ગુજરાન ચલાવતા હોય અને મોહમંદ કામરાન હનીફ છકડા સાથે ૨૦૧૧માં લગ્ન કરેલ હોય સંતાનમાં બે છોકરી હોય ૨૦ ફ્રેબુઆરીના રોજ પતિ મોહમંદ કામરાન છકડાને કેમ સુઈ રહ્યા છો છોકરીઓને બજાર માંથી નાસ્તો લાવી આપો તેમ કહેતા નાસ્તો લેવા નથી જવાનો તેમ કહેલ છોકરીઓની ગાડીનું ભાડુ આપવાનું બાકી છે. તે આપો તેમ કહેતા ઉશ્કેરાઈ જઈ ગાળો આપી ગડદાપાટુનો મારમારી ઘરમાં ચાલ્યા ગયા હતા અને સાંજે પતિએ આવીને મારે પૈસા કમાવવા જવાનું છે. તેમ કહીને પત્ની ખુશ્બુને માર માર્યો હતો. જેથી પત્ની ખુશ્બુ એ બન્ને છોકરીઓને ઘરની બહાર મોકલી ઘરનો દરવાજો બંધ કરી ઓઢણી વડે પંખા સાથે બાંધીને ગળે ફાંસો ખાધો હતો. ત્યારે આજુબાજુના માણસો દોડી આવીને નીચે ઉતારીને ખુશ્બુને સારવાર માટે હતા. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે પતિ મોહમંદ કામરાન છકડા વિરૂદ્ધ શારીરિક માનસીક ત્રાસની ફરિયાદ નોંધાવા પામી છે.

# દાહોદમાં રસ્તો પહોળો કરવા ગોદી રોડ વિસ્તારમાં પોલીસ ચોકી-૩ને તોડી નાખવામાં આવી

દાહોદ,

દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તા પહોળા કરવાની કામગીરીમાં દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તાર ખાતે આવેલ પોલીસ ચોકી નંબર–૬ ને તંત્ર દ્વારા તોડી પાડવામાં આવી હતી. થોડા દિવસો પહેલા દાહોદ શહેરની મામલતદાર સહિતની ટીમ ગોદી રોડ ખાતે ડિમોનેટાઈઝેશનની કામગીરી માટે નીકળી હતી. જેમાં આ પોલીસ ચોકી પણ અવરોધ રૂપ હોવાથી તોડી પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને આ પોલીસ ચોકી આજરોજ જેસીબી મશીનથી તોડી પાડવામાં આવી હતી.

દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગતની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મહિનાઓ પહેલા દાહોદ શહેરના ગોધરા રોડ થી લઈ દેસાઈવાડ, સ્ટેશન રોડ, પડાવ વિસ્તાર, ગોદી દી રોડ સહિત અનેક વિસ્તારોમાં સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તા પહોળા કરવાની કામગીરી માટે ગેરકાયદેસર પાકા અને કાચા દબાણો તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. ત્યારે થોડા દિવસો પહેલા દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તારમાં પણ સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તા પહોળા કરવાની તંત્ર દ્વારા વિસ્તારની માપણી કરવામાં આવી હતી જેમાં આ વિસ્તારમાં આવેલ વર્ષોથી કાર્યરત પોલીસ ચોકી નંબર–૬ પણ અવરોધ રૂપ હોવાથી આજરોજ આ પોલીસ ચોકીને પણ તંત્રો દ્વારા જેસીબી મશીનથી તોડી પાડવામાં આવી હતી. જાણવા મળ્યા અનુસાર આ પોલીસ ચોકી હવે અન્ય સ્થળે ખસેડવામાં આવશે. ત્યારે આવનાર દિવસોમાં ગોદી રોડ વિસ્તારની સાથે સાથે અન્ય કયા કયા વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો તૂટશે ? જેવી અનેક ચર્ચાઓએ ભારી જોડ પકડ્યું છે.

## ઝાલોદના ધાવડીયા ગામે છકડાએ બાઈકને અડફેટમાં લેતાં બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડિયા ગામે એક છકડાના ચાલકે એક મોટરસાયકલ ના ચાલકને અડફેટમાં લેતા મોટર સાયકલના ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોતની જાણવા મળે છે.

ગત તારીખ ૧૯ મી ફેબ્રુઆરીના ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામેથી માછણ નદીના પુલ પાસેથી એક લોડિંગ છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પૂર ઝડપે તેમજ ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. તે સમયે ત્યાંથી મોટરસાયકલ લઈ પસાર થઈ રહેલ ઝાલોદ તાલુકાના હુંઠીકંકાસિયા ગામે ભગત ફળિયામાં રહેતા વિનોદભાઈ ને છકડાના ચાલકે અડફેટમાં લેતા વિનોદભાઈને હાથે પગે તેમજ શરીરના ભાગે ગંભીર જીવલણ ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે દોડી આવેલ સ્થાનિક લોકો તેમજ પરિવારજનો દ્વારા ગંભીર ઈજાગ્રસ્ત વિનોદભાઈને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન વિનોદભાઈનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે સવસીંગભાઈ મગનભાઈ ગરાસીયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરવા(હ)ના સંતરોડ ગામે સગીરાની છેડતીના ગુનામાં આરોપીની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના સંતરોડ ગામે સગીર દિકરીની છેડતીના ગુનામાં દે.બારીયાના તોયણીના આરોપી પોલીસે અટક જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો. આરોપી દ્વારા કોર્ટમાં જામીન અરજી મુકતા ત્રીજા એડીશનલ સેશન્સ જજ દ્વારા જામીન અરજી નામંજુર કરવામાં આવી.

દે.બારીયાના તોયડી ગામના આરોપી અર્જુનભાઈ ભારતભાઈ બારીયાએ ફરિયાદીની સગીરવયની દિકરીને પોતાના બાઈક ઉપર અપહરણ કર્યું હતું અને અસાયડી ગામે રોડ સાઈડમાં ખેતરમાં લઈ જઈને સગીરા સાથે શારીરિક છેડછાડ કરી હતી. સગીરાએ બુમાબુમ કરતાં આસપાસના લોકો દોડી આવતા આરોપી નાશી છુટીયો હતો. આ બાબતે મોરવા(હ)પોલીસ મથકે પોકસો એકટ હેઠળ ફરિયાદ નોંધાતા આરોપી અર્જુન બારીયાની ધરપકડ કરી જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો. આરોપી દ્વારા જામીન અરજી માટે કોર્ટમાં અરજી મુકતા આ જામીન અરજીની સુનાવણી ત્રીજા એડીશનલ સેશન્સ જજ આર.જે.પટેલની કોર્ટમાં હાથ ધરાઈ હતી. સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર દ્વારા વિગતવાર દલીલો કરતાં આરોપી અર્જુન બારીયાની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.): આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વેપારમાં સારો લાભ જણાશે. સંતાન વિષયક ચિંતા દૂર થશે. વિવાદોવાળા કામમાં લાભ જણાશે. મૂડી રોકાણમાં ફાયદો જણાશે.

વૃષભ (બ.વ.ઉ.): આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ કૌટુંબિક મતભેદ રહેવા સંભાવના. ભાગીદારીવાળા કામમાં લાભ જણાશે. પ્રભાવથી શત્રુ પરાસ્ત થશે. સંતાન પક્ષે ચિંતા દૂર થશે.

મિથુન (ક.છ.ઘ.): આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નવા પરિચયથી લાભ થાય. વાહન ચલાવવામાં કાળજી રાખો. માતૃપક્ષે આર્થિક મદદ મળશે. સંતાનથી સારા સમાચાર મળશે.

કર્ક (ડ.હ.):આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ યાત્રા-પ્રવાસના યોગો જણાય. વિવાદિત કાર્યોમાં વિજય થાય. નવા કામકાજમાં લેણું જણાય. ધર્મ શ્રદ્ધામાં વૃદ્ધિ થાય.

સિંહ (મ.ટ.):આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા જળવાય. માનસિક શાંતિ અનુભવાય. મહેમાન સ્નેહીજનોની મુલાકાત થાય. વ્યાપાર બાબતે મધ્યમ જણાય

કન્યા (પ.ઠ.ણ.):આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ મનગમતા કાર્યોમાં રુચિ વધે. શત્રુઓ દ્વારા લાભ મળે. આર્થિક સમસ્યાઓ હળવી બને. વિવાદિત કાર્યોમાં વિજય મળે

તુલા (ર.ત.):આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ધંધામાં મહત્વના કાર્યો થાય. જીવનસાથી સાથે મતભેદ જણાશે. યાત્રા-પ્રવાસમાં વિઘ્નોની સંભાવના. મહત્વાકાંક્ષા પૂર્તિનો અવસર મળે.

વૃશ્ચિક (ન.ય.):આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ મૂડી રોકાણમાં લાભની સંભાવના છે. આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થાય. કૌટુંબિક કાર્યોના વિશેષ યોગ બને. યાત્રામાં તનાવની સંભાવના છે.

ધન (ભ.ધ.ફ.ઢ.): આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વાહન વ્યવહારથી સંભાળવું. નાના-મોટા રોકાણમાં સાવધાની રાખવી. કામકાજમાં સામાન્ય વિઘ્નોની સંભાવના. માતાના આશીર્વાદથી કામ સરળ બને.

મકર (ખ.જ.): આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સારા કાર્યોમાં સમય પસાર થાય. સામાજિક કાર્યોમાં પ્રવાસની સંભાવના. રોગ-ઋણ-વિવાદથી બચવું. સંતાનોના કાર્યમાં સફળતા મળે.

કુંભ (ગ.શ.ષ.સ.): આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ખાનપાનમાં સાવધાની રાખવી. વેપારમાં ભાગીદારીથી લાભ થાય. કર્મક્ષેત્રમાં પરિવર્તનના યોગ બને. સારા કામમાં યાત્રાના યોગ જણાય.

મીન (દ.ચ.ઝ.થ.): આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જીવનસાથી સાથે તણાવ જણાય. વિવાદના કાર્યોમાં વિશેષ લાભ થાય. ગુસ્સા ઉપર સંયમ રાખવો. સગા સંબંધીઓથી લાભ થાય.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal 2From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.153

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાના ભામૈયા(પ)ગામે પિતા-પુત્રીના તળાવમાં ડુબી જવાથી મોતના કિસ્સામાં નવો વળાંક

# બે ઈસમો દ્વારા બળવંતસિંહને પૈસા પડાવવા માટે ધમકી આપી બ્લેકમેલ કરતા આપઘાત કરવા

### પિતા-પુત્રીને મરવા માટેની દુષ્પ્રેરણા આપનાર બે આરોપીઓના મૃતક દ્વારા ચિઠ્ઠીમાં ઉલ્લેખ થતાં બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

### આરોપીઓ દ્વારા પૈસા પડાવવા ધમકી અને બ્લેકમેલ કરી ત્રાસ આપવામાં આવ્યો હોવાનો ચિઠ્ઠીમાં ઉલ્લેખ



ગોધરા,
ગોધરા તાલુકાના ભામૈયા પશ્ચિમ ગામે તા.૧૮ ફેબ્રુઆરીના રોજ ગામના તળાવમાં પિતા-પુત્રીનુ ડુબી જવાથી મોત નીપજવા પામ્યુ હતુ. જેમાં નવો વળાકં આવ્યો છે. બે આરોપી ઈસમો દ્વારા મૃતક બળવંતસિંહ ઠાકોર પાસેથી રૂપિયા કઢાવવા માટે મૌખિક અને ટેલીફોનક ધમકીઓ આપી બ્લેકમેઈલ કરી માનસિક ત્રાસ આપી પૈસા કઢાવી લઈ મરવા માટે મજબુર કરતા ત્રાસથી કંટાળીને પુત્રી સાથે પિતાએ તળાવમાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યુ હોવાનુ સામે આવતા ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે બે ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામી છે.

ગોધરા તાલુકાના ભામૈયા(પશ્ચિમ)ગામે ૧૮ ફેબ્રુઆરીના રોજ ગામમાં રહેતા બળવંતસિંહ ઠાકોર અને તેમની પુત્રી પ્રજ્ઞાબેન સાથે તળાવમાં પુજાપો પધરાવવા જતાં અકસ્માતે પુત્રી ડુબતી હોય તેને બચાવવા જતાં પિતા બળવંતસિંહ ઠાકોર અને પુત્રી બંનેનુ મોત થયા હોવાની અકસ્માત મોતની ફરિયાદ નોંધાવવા પામી હતી. પરંતુ ભામૈયા(પશ્ચિમ)ગામે પિતા-પુત્રીના મોત અંગેનો નવો વળાંક આવ્યો છે જેમાં બળવંતસિંહ ઠાકોરને બે ઈસમો મગનભાઈ સુંદરભાઈ વણકર(રહે.ભામૈયા, ગોધરા)તથા હાર્દિક જેનો મો.૯૯૦૯૮૫૮૮૦૦ વાળા દ્વારા મૃતક બળવંતસિંહ ઠાકોર પાસેથી પૈસા પડાવવા માટે મૌખિક અને ટેલીફોનથી ધમકી આપવામાં આવતી હોય અને બ્લેકમેઈલ કરીને માનસિક ત્રાસ આપી પૈસાની માંગણી કરવામાં આવતી હતી અને આ બંને ઈસમો દ્વારા મૃતક બળવંતભાઈ ઠાકોર પાસેથી પૈસા કઢાવી મરવા માટે મજબુર કરવામાં આવ્યા હતા જેના કારણે મૃતક બળવંતસિંહ ઠાકોર એ પોતાની પુત્રી સાથે ગામ તળાવમાં પડીને આપઘાત કરવા મજબુર થયા હોવાનુ મૃતક બળવંતસિંહ ઠાકોર દ્વારા મરતા પહેલા લખવામાં આવેલ ચિઠ્ઠીના આધારે ખુલવા પામ્યુ છે. જેને લઈ ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે આરોપીઓ મગનભાઈ સુંદરભાઈ વણકર અને હાર્દિક વિરુદ્ધ આઈપીસી કલમ ૩૦૬, ૩૮૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગોધરાના ૨૦૦૩ના તત્કાલિન પ્રાંત અધિકારી દ્વારા મહેલોલ વાડાની જમીનમાં તેમજ અંબાલી ગામની જમીનને જુની શરત બિનખેતી હેતુ માટે પ્રિમીયમ પાત્રમાં ફેરવી સત્તાનો દુરૂપયોગ કરી સરકારને નુકસાન કરતા ફરિયાદ

### મહેલોલ વાડા નં.૧૨ ક્ષેત્રફળ ૬૦૭ ચો.મી.જમીન પર ગણોતધારા ૪૩ નિયંત્રણ ખેતી હેતુ માટે દુર કર્યાનો હુકમ કર્યો

ગોધરા,
ગોધરા તાલુકાના મહેલોલના વાડા નં.૧૨ ક્ષેત્રફળ ૬૦૭ ચો.મી.વાળી જમીનને ગોધરાના તત્કાલિન પ્રાંત અધિકારી દ્વારા તા.૦૯/૦૬/૨૦૦૩ના હુકમથી આ વાડાની જમીન ઉપર ગણોતધારાની કલમ ૪૩ના નિયંત્રણ ખેતીના હેતુ માટે દુર કર્યાનો હુકમ કરી રૂ.૨૧ વસુલ કરેલ છે. આ બાબતે કલેકટરનુ માર્ગદર્શન મેળવેલ નહિ અને આ જમીનને જુની શરત બિનખેતી હેતુ માટે પ્રિમીયમને પાત્ર ઠેરવી સત્તાનો દુરૂપયોગ કરી સરકારને નાણાંકિય નુકસાન કરતા આ બાબતે અધિક ચીટનીશ કલેકટર દ્વારા ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે તત્કાલિન પ્રાંત અધિકારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામી છે.

ગોધરાના તત્કાલિન પ્રાંત અધિકારી જેડી.જોષીની ફરજ દરમિયાન મહેલોલના વાડા નં.૧૨ ક્ષેત્રફળ ૬૦૭ ચો.મી.વાડાનો વાડા સંહિત મુજબ રૂ.૩૬૩ વસુલવાના થતા હોય તેમ છતાં તા.૦૯/૦૬/૨૦૦૩ના હુકમથી આ વાડાની જમીન ઉપર ગણોતધારા કલમ ૪૩ હેઠળનુ નિયંત્રણ ખેતીના હેતુ માટે દુર કર્યાનો હુકમ કરી સરકારશ્રીને રૂ.૨૧ વસુલ કરેલ હતા. આ બાબતે જિલ્લા કલેકટરનુ માર્ગદર્શન મેળવેલ નહિ અને અરજદાર નટવરસિંહ હિંમતસિંહને ફાયદો કરાવવાના હેતુથી તા.૦૯/૦૬/૨૦૦૩ના હુકમ નં.ગણત/ગ.ધા.ક.૪૩/જુ.શ./એસ.આર ૨૪૪૮૦/૨૦૦૩થી આ જમીનને જુની શરત બિનખેતી હેતુ માટે પ્રિમીયમ પાત્રમાં ફેરવીને તત્કાલિન પ્રાંત અધિકારી દ્વારા સત્તાનો દુરૂપયોગ કરી હુકમ કરી સરકારશ્રીને નાણાંકીય નુકસાન કર્યુ હતુ. તેમજ પ્રાંત અધિકારીએ ગોધરા તાલુકાના અંબાલી ગામના સર્વે નં.૬૩૮ પૈકીની હે.૦.૩૬.૪૨ ચો.મી.તથા સર્વે નં.૭૧૬ની હે.૦.૨૭.૩૨ચો.મી.જમીન હકક પત્રકે નોંધ નં.૧૯૬૩ તા.૦૭/૦૭/૧૯૬૮થી દાજીભાઈ રયજીભાઈને ગણતધારાના સેલ સર્ટિફિકેટથી આપેલ હતી. અને હકક નોંધ નં.૪૫૭૬ તા.૦૪/૦૬/૧૯૯૮ મુજબ લિબથી આ જમીન તથા અન્ય જમીનો દાજીભાઈ રયજીભાઈની વિધવા જેકોટબેન દાજીભાઈના વિલ મુજબ નર્મદાબેન ઉર્ફે નીતાબેનને રમણભાઈ લલ્લુભાઈની સધવાને આપેલ છે. જે નવી શરતની ખેતીની જમીન કલેકટરની પુર્વ મંજુરી વિના વેચાણ બક્ષીસ વિનીયમ ગીટો પટ્ટા અથવા નામફેરથી તબદીલ કરી ન શકાય થેવી અથવા તબદીલ કરવા માટે લખાણ કરી શકે નહિ અને કલેકટરની પુર્વ મંજુરી વિના આવી કોઈ જમીનમાં કે હિત સંબંધમાં ભાગલા પાડી શકાય નહિ તેવી સરકારની જોગવાઈ હેઠળ હોવા છતાં આ જમીનને વિલથી તબદીલ નોંધ બાબતે તત્કાલિન પ્રાંત અધિકારી જે.ડી.જોશી એ રિવ્યુ નહિ લઈ જમીન મેળવનાર ખેડુત ખાતેદાર હતા કેમ ? તથા ત્રાહિત વ્યકિતને જમીન જતી હોય તેને શરત ભંગ ગણવો છે કેમ ? તેવી સ્પષ્ટતા નહિ હોવા છતાં કોઈપણ જાતનુ રેકર્ડ ચકાસ્યા વગર આરોપી તત્કાલિન પ્રાંત અધિકારી જે.ડી.જોષી દ્વારા સત્તાનો દુરૂપયોગ કરી તા.૨૭/૦૨/૨૦૦૪ના હુકમ નં.ગણત/ગ.ધા.ક.૪૩/જુ.શ./એસ.આર.-૩૧૪૧ થી ૩૧૪૨/૨૦૦૩થી જમીનને જુની શરતમાં બિનખેતી હેતુ માટે પ્રિમીયમ પાત્રમાં ફેરવી ફરજ દરમિયાન સત્તાનો દુરૂપયોગ કરી ગેરરિતી આપવી હુકમો કરી નાણાંકિય નુકસાન કરતા આ બાબતે ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે તત્કાલિન પ્રાંત જયદિપ કુમાર દિનેશચંદ્ર જોશી(જે.ડી.જોષી)(રહે.૧૫૫ ઓર્થિડ બંગ્લો-રિલાયન્સ મોલ પાછળ જુના પાદરા રોડ)વિરુદ્ધ ઈપીકો કલમ ૨૧૭, ૨૧૮, તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ ૧૩(૧)મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## હાલોલ જી.આઈ.ડી.સી.કંપનીના ૬૦૦ કામદારોની હડતાળ ૨૦ દિવસ બાદ પણ યથાવત

હાલોલ,
હાલોલ જીઆઈડીસીમાં આવેલી કંપનીમાં ૬૦૦ જેટલા કામદારો દ્વારા ચાલતી હડતાળ વિદેશી જાપાનીઝ કંપનીના મેનેજમેન્ટના આકરા વલણના કારણે ૨૦માં દિવસે પણ યથાવત રહેવા પામી છે.


હાલોલ જીઆઈડીસીમાં આવેલી જાપાનીઝ કંપની ટોટો ઈન્ડિયા ઈન્ડસ્ટ્રિઝ લિ.કંપનીમાં છેલ્લા કેટલાય વર્ષોથી કામ કરતા ૬૦૦ જેટલા કામદારો દ્વારા છેલ્લા ૨૦ દિવસથી પોતાના હકની માંગણીઓને લઈને કંપનીના ગેટની બહાર કંપનીના કમ્પાઉન્ડ વોલને અડીને આવેલી ખુલ્લી જગ્યામાં રાત-દિવસ, ઠંડી-તડકો, ભુખ-તરસ અને પરિવારજનોનો વિરહ એવી તમામ યાતનાઓ ભોગવીને પણ ધરણા પ્રદર્શન પર બેસી પોતાના હકની લડત ચલાવી હડતાળ ચલાવી રહ્યા છે. જેમાં તેઓની મુખ્ય માંગણીઓ તેઓને કામ પ્રમાણે પગાર વધારે મળે, કંપની દ્વારા કરાતી કામદારોની ટ્રાન્સ્ફર પર રોક લાગે, ભારે કામગીરી દરમિયાન થતી શારીરિક તકલીફોમાં વળતર અને કાળજી રખાય તેમજ જે ૧૫ કામદારોને કંપની દ્વારા છુટા કરી દીધા છે તેઓને તાત્કાલિક અસરથી પરત લેવામાં આવે તેવી માંગણીઓ સાથે ગત તા.૧ ફેબ્રુઆરીથી હડતાળ ચાલી રહી છે. ૨૦માં દિવસે પણ તેઓની હડતાળને લઈ ટોટો કંપનીનુ સ્થાનિક તેમજ ગ્લોબલ મેનેજમેન્ટ ટશન પોતાના આકરા વલણ પર અડગ રહેતા હડતાળ યથાવત રહેવા પામી છે. ગત દિવસોમાં વડોદરા ખાતે આવેલી પ્રાદેશિક લેબર કમિશનર કચેરી દ્વારા પણ આ બાબતે મધ્યસ્થી કરી નિવેડો લાવવા માટેની સુચના આપી હોવા છતાં કોઈ નિરાકરણ હજુ સુધી આવેલ ન હોવાનુ હડતાળ પર બેઠેલા કામદારો પાસેથી જાણવા મળેલ છે. કામદારો પોતાની અન્ય માંગણીઓને હાલમાં સ્થગિત કરી દઈ તેઓની એક જ માંગણી છે કે ૧૫ જેટલા કામદારોને કંપની દ્વારા છુટા કરી દીધા છે તેઓને બાંહેધરી પત્રક સાથે કંપની દ્વારા પરત લેવામાં આવે તો તરત જ હડતાળ સમેટી લઈ રાબેતા મુજબ કામકામ પર ચઢવા તૈયાર છે. કામકાજ દરમિયાન પોતાની અન્ય માંગણીઓને રજુઆતમાં મુકી કામ કરશે તેવી માંગ કરી રહ્યા છે.

## ગોધરા ચીખોદ્રાના કેપસ્યુલ ફેકટરીવાળી જમીનમાં ૩૨૫ રહિશોએ વેચાણ દસ્તાવેજ કર્યો હોવા છતાં ફરી દસ્તાવેજ કરાયો

ગોધરા,
ગોધરા શહેરના ચિખોદ્રા ખાતે આવેલી કેપસ્યુલ ફેકટરીની જમીન ખરીદીમાં નવી જ હકીકત બહાર આવવા પામી છે. આ જમીનમાં મકાન બાંધકામ કરીને રહેતા રહિશોએ વર્ષ-૨૦૧૬માં જ પોતાના મકાનનો દસ્તાવેજ કરી લીધો હોવા છતાં માલેતુજાર ભુમાફિયાઓએ ગરીબો પાસેથી પૈસા પડાવવા એકવાર વેચાયેલ જમીનોને ફરીથી દસ્તાવેજ કરાવી પોતે આ જમીનના માલિક હોવાનો દાવો કરી રહ્યા છે.

ચિખોદ્રા ગામે આવેલી સ.ન.૩૫૦, ૩૫૧ અને ૩૫૨વાળી બિનખેતીની જમીન કોઠી મોહંમદ ફિરદોસ અબ્દુલ હકીમ(રહે.સલામત સોસાયટી, ફાતેમા મસ્જિદની પાસે ગોન્દ્રા, ગોધરા)એ ખરીદ-વેચાણ દસ્તાવેજ નં.-૪૩૨૧ થી તા.૦૨/૦૬/૨૦૨૨ના રોજ વેચાણ રાખેલ હતી. જે બિનખેતીની જમીનમાં મકાનો બનેલા હોવા છતાં કોઠી મહંમદ ફિરદોસે સ્ટેમ્પ ડ્યુટીની ચોરી કરવાના આશયથી તે હકીકતનો દસ્તાવેજમાં ઉલ્લેખ કરાવ્યો ન હતો. તેમજ ખોટુ સોગંદનામુ પણ કર્યુ હતુ. જેની જાણ સ્ટેમ્પ ડ્યુટી કલેકટર કચેરીને થતાં મહંમદ ફિરદોસ પાસેથી સ્ટેમ્પ ડ્યુટી ચોરીની રકમ વસુલવા નોટિસ આપી હતી. બીજી તરફ આ જમીનમાં વસતા રમઝાની મહંમદ હનીફ મણકીએ જે જમીનની પંચમહાલ કલેકટર દ્વારા તા.૧૬/૧૨/૨૦૦૯ના રોજ રહેણાંકના હેતુ માટે હેતુફેર પરવાનગી આપેલ હતી. તથા નગર નિયોજક ગોધરાએ તા.૨૬/૦૬/૨૦૦૯થી લે આઉટ પ્લાન મંજુર કરેલ હતો. જેની મામલતદાર કચેરી ખાતે તા.૩૦/૧૨/૨૦૦૯ના રોજ બિનખેતીની જમીન હેતુફેરની નોંધ પડાઈ હતી. જે નોંધ તા.૦૭/૦૫/૨૦૧૦ના રોજ સર્કલ ઓફિસરે પ્રમાણિત કરેલ હતી. તે જમીનના મંજુર થયેલ નકશા પૈકી ખાનગી પ્લોટ નં.૨૪૯નો ખરીદ-વેચાણ દસ્તાવેજ તા.૧૬/૦૮/૨૦૧૩ના રોજ ઈન્ડિયન કેમિકલ ફાર્મ કેમ્પસ એન્ડ કેમિકલ પ્રા.લિ.મુંબઈના મેનેજીંગ ડિરેકટર રજની ભગત (રહે.બી-૧૧, યુસુફ બિલ્ડિંગ, એમ.જી.રોડ, ફોર્ટ, મુંબઈ)ના કુલમુખ્ત્યાર તરીકે ભરતભાઈ કાળાભાઈ પટેલે વેચાણ દસ્તાવેજ કરી આપેલ હતો. રમઝાની મોહંમદ હનીફ મણકીની જેમ કેપસ્યુલ ફેકટરીની આ જમીનમાં અંદાજે ૩૨૫ જેટલા વ્યકિતઓને ભરતભાઈ પટેલે દસ્તાવેજ કરી આપ્યો હોવા છતાં આ જમીનને બીજી વાર વેચાણ કરાઈ હતી. આમ એક વખત વેચાણ થયેલ જમીન ખરીદી ભુમાફિયાઓ ગરીબ વ્યકિતઓ પાસેથી પુનઃ નાણાં ખંખેરવાનો પ્રયત્ન કરી રહ્યા હોવાનો પર્દાફાશ થયો છે.

## કોઈ દિવસ કોઈનો જીવ લેશે.. જવાબદાર તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે



કસનપુર ગામે રસ્તા પર પડેલા ખાડાને કારણે બાઈક સવારને મોટો અકસ્માત નડચો હતો.

મોરવા(હ),
પંચમહાલના મોરવા હડફ તાલુકામાં સંતરોડ થી મોરવા તરફ જતા રસ્તા ઉપર અમુક જગ્યા એ એવી રીતે ખાડા પડ્યા છે. પરંતુ આ રસ્તા ઉપર અધિકારીઓ પણ અવરજવર કરતા હોય છે કે, જાણે અકસ્માતને નોતરવા માટે આમંત્રણ આપ્યું હોય એવું લાગી રહ્યું છે. તા.૨૦ ફેબ્રઆરીના રોજ સાંજ ના ૭ વાગ્યાની આસપાસ એક બાઈક સવાર મોરવા હડફથી સંતરોડ તરફ જઈ રહ્યો હતો. ત્યારે આજુબાજુના સ્થાનિક લોકો પાસેથી મળતી માહિતી મુજબ આ જગ્યાએ અવારનવાર રાત્રિના સમયે અનેક વાહન ચાલકોનો અકસ્માતાનો ભોગ બનતા હોય છે. સંતરોડ થી મોરવા હડફ તરફ જતા રસ્તાઓ ઉપર અનેક જગ્યાએ એવા મોટા મોટા ખાડા પડેલા છે કે જાણે જવાબદાર તંત્ર આ વાત થી અજાણ હોય અને તૂટેલા રોડ ની ખબર જ ના હોય એમ કુંભકર્ણની જેમ ઘોર નિંદ્રામાં સૂતું હોય એવું લાગી રહ્યું છે. જ્યારે જ્યારે આ રસ્તાનું સમારકામ કરવામાં આવે છે ત્યારે નાના-મોટા ઠીગળા મારી દેવામાં આવે છે. નાના-મોટા ઉબડખાબડ ઠીગળાના કારણથી પણ અકસ્માત સર્જાઈ શકે છે. અને જે જગ્યાએ વધુ રસ્તો તૂટેલો હોય ત્યાં રસ્તો તૂટેલો એવો ને એવો જ રહી જતો હોય છે. વાહન ચાલકોની માંગ છે કે આ રસ્તો જે જે જગ્યાએ તૂટેલો છે, એ બધી જગ્યાએ જલ્દીથી સારો રસ્તો ભ્રષ્ટાચાર વગર સમારકામ કરવામાં આવે એવી વાહન ચાલકોની માંગ ઉઠવા પામી છે.

## રાયસીંગપુરા પ્રાથમિક શાળા ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી


ગોધરા,
રાયસીંગપુરા પ્રાથમિક શાળા અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન પંચમહાલના સંયુકત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગામના માર્ગો ઉપર રેલી કાઢીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો હતો. ગોધરા તાલુકાના રાયસિંગપૂરા પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં જ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે બાળકોએ ઢોલ નગારા સાથે હાથમાં બેનરો અને સૂત્રો પોકારી માતૃભાષા ગુજરાતીના સંવર્ધન અને જાગૃતિ માટેના પ્રયત્નો કર્યા હતા. શિક્ષકોએ બાળકોને માતૃભાષા શિક્ષણ અને માતૃભાષાના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતી ભાષામાં ભણેલા ગામના બે વિદ્યાર્થીઓ યોગેશ રાઠોડ અને ફાલ્ગુની રાઠોડનું પુષ્પગુચ્છ આપીને સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક ચંદુભાઈ તાવીયાડ, દલપતસિંહ બારીયા, જતીનભાઈ પાઠક, મહેન્દ્ર પરમાર, ધર્મિષ્ઠા મહિડાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંયોજન અને સંચાલન મહેન્દ્ર પરમારે કર્યું હતું.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
જાહેર નિવિદા નં.૬ સને ૨૦૨૩-૨૪

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વત્તી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ગોધરા વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની બાજુમાં, ગોધરા સિવિલ લાઈન, ગોધરા-૩૮૯૦૦૧, ટેલીફોન નં.૦૨૬૭૨-૨૪૮૪૦૦ની કચેરી દ્વારા વીજળીકરણના અ.નં.૧ થી ૮ ના કામ કે જેની અંદાજીત રકમ ત્રણ લાખ અઠ્ઠાણું હજાર છસ્સો એકયાસી પુરા સુધી છે. તે માટે રજીસ્ટર્ડ થયેલ ઈ-૨ અને ઉપરના વર્ગ તથા કામના નિષ્ણાંત પાસેથી સીલબંધ ટેન્ડર રજી. પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ થી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૨૭/૦૨/૨૦૨૪ સમય ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે. જયારે ભાવો ભરેલા સીલબંધ ટેન્ડર પરત લેવાની તા.૦૫/૦૩/૨૦૨૪ સમય ૧૬:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આ કામોની વિગતવાર નોટીસ. નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે ઉપરોકત કચેરીના રજાના દિવસો સિવાય રુબરુ સંપર્ક સાધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૯૩૪/૨૪)

## પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયા અને લાકડાચોરો દ્વારા હવે નવા-નવા નામથી વોટ્સએપ ગ્રુપ બનાવી જાસુસી યથાવત




ગોધરા,
પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ માફિયા અને લાકડા ચોર ઈસમો દ્વારા વોટ્સએપ ગ્રુપ બનાવી જાસુસી કાંડ સામે આવ્યુ હતુ. પોલીસ ફરિયાદ બાદ ખનીજ માફિયાઓ અને લાકડા ચોર ઈસમો સુધરી ગયા હોય તેવુ નથી. હાલમાં પણ ખનીજ માફિયાઓ નવા વોટ્સએપ ગ્રુપ બનાવીને જાસુસી કરાઈ રહી છે. તેમાં પણ ૧૮ લોકસભા વોટ્સએપ ગ્રુપ બનાવી જાસુસી કરાતી હોવાનુ સામે આવ્યુ છે.

પંચમહાલ જિલ્લામાં રેતી, માટીનુ ગેરકાયદેસર ખનન કરી ખનીજ ચોરી કરતા ખનીજ માફિયાઓ તેમજ લાકડાઓની ચોરી કરતા લાકડાચોર ઈસમો અધિકારીઓની રેઈડ અને તપાસ માટે નીકળતી ટીમની માહિતી મેળવવા માટે વોટ્સએપ ગ્રુપ બનાવીને અધિકારીઓના વાહનોનુ લાઈવ લોકેશન વોટ્સએપ ગ્રુપમાં શેર કરવામાં આવતુ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. અને આવા વોટ્સએપ ગ્રુપ ચલાવતા માફિયાઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી કરાઈ હતી. થોડા સમય અગાઉ અધિકારીઓ તેમજ તેમના વાહનોની જાસુસી પ્રકરણ ખુલી જવાથી ખનીજ માફિયા અને લાકડાચોર અધિકારીઓની જાસુસી બંધ કરી દેવાઈ હોવાનુ લાગી રહ્યુ હતુ. પરંતુ પંચમહાલ જિલ્લામાં ખનીજ માફિયાઓ અને લાકડાચોર સુધરવાનુ નામ લેતા નથી. હાલમાં પણ ખનીજ માફિયાઓ અલગ અલગ નામના વોટ્સએપ ગ્રુપ બનાવીને જાસુસી કરી રહ્યા છે. તેમાં પણ ૧૮ લોકસભા નામથી વોટ્સએપ ગ્રુપ બનાવીને જાસુસી કરાઈ રહી છે. લાકડા ચોર અને ખનીજ માફિયાઓ દ્વારા અધિકારીઓની રેકી કરવા માટે પગારથી માણસો રાખેલ છે.અને હાલમાં જાસુસી કરાઈ રહી છે. પંચમહાલ જિલ્લા ખનીજ માફિયાઓ દ્વારા કરાતી જાસુસી કાંડમાં પોલીસ ફરિયાદ બાદ પણ આવા તત્વો કાયદાની છટકબારીમાંથી આબાદ બચી જઈ રહ્યા છે ત્યારે હવે જિલ્લા વહીવટી તંત્ર આવા ખનીજ માફિયાઓ તેમજ લાકડા ચોર ઈસમો દ્વારા કરાતી જાસુસી કરતા તત્વોને ડામવા માટે કેવા પ્રકારની કાર્યવાહી કરશે તે જોવુ રહ્યુ.

## શહેરા અણીયાદ ચોકડી પાસે નંબર પ્લેટ વગરની કાર માંથી ૭.૬૪ લાખનો દારૂ ઝડપ્યો

શહેરા,
શહેરાના અણીયાદ ચોકડી પાસેથી પોલીસે નંબર પ્લેટ વગરની કારમાંથી દોઢ લાખની કિંમતનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો તેમજ કાર મળીને ૭,૬૪,૨૩૦ મળીને ચાલકને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

શહેરા-લુણાવાડા હાઈવે ઉપર અણીયાદ ચોકડી પાસે પોલીસ ઈન્સ્પેકટર રાહુલ રાજપુત સ્ટાફ ના માણસો સાથે દારૂ ભરેલી કાર આવવાની માહિતી ને લઈને વોચ ગોઠવી હતી.પોલીસ દ્વારા બાતમીના વર્ણન વાળી નંબર પ્લેટ વગરની મહિન્દ્રા કંપનીની એક્સયુવી ૩૦૦ આવી રહી હતી તેને ઊભી રખાવી કારની અંદર તપાસ કરતા દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ દ્વારા દારૂનો જથ્થો ભરેલી કાર અને ચાલક ને પોલીસ મથક ખાતે લાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે દારૂ ભરેલ ગાડીના ચાલકની પોલીસ ઈન્સ્પેકટર રાહુલ રાજપુત દ્વારા કડક પૂછપરછ કરવામા આવતા એનુ નામ વિકાશ જેઠારામ જાટ ઉ.વ.૨૩ રહે.કોનરા તા.ચોહટન જી.બાડમેર રાજસ્થાન જણાવવામાં આવવા સાથે દારૂ ગોધરા તરફ લઈ જવામાં આવી રહયો હતો. પોલીસે માર્ચ મહિનામાં આવતા હોળીના પર્વના પહેલા દારૂનો મોટો જથ્થો નંબર પ્લેટ વગરની કારમાંથી ઝડપી પાડ્યો હોય ત્યારે એમ કહી શકાય કે હોળીના પર્વ પહેલા બુટલેગરો ગુજરાતમાં દારૂ નો જથ્થો પહોંચાડવા માટે ધીમે ધીમે સક્રિય થતા હોય એમ કહીએ તો પણ નવાઈ નહી, બુટલેગરો હોય કે પછી ખનીજ ચોરો ઓછી મહેનતે વધુ કમાણી કરવા માટે ખાસ કરીને નંબર પ્લેટ વગરના વાહનોનો ઉપયોગ વધુ કરતા હોય ત્યારે પોલીસ તંત્ર અને ખાણ ખનીજ વિભાગ સહિતના સંબંધિત તંત્ર દ્વારા નંબર પ્લેટ વગર ખનીજ ભરેલા વાહનો તેમજ નંબર વગર ની કાર સહિતના વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તે હવે જરૂરી બની રહયુ છે. પોલીસે દારૂનો જથ્થો તેમજ કાર મળીને ૭,૬૪,૨૩૦ મળીને ચાલકને પકડી પાડીને વધુ તપાસના ચક્રો ગતીમાન કર્યા છે.

## શ્રી ગાયત્રી શકિતપીઠ સંતરામપુર થી ૧૧૦ જેટલા ગાયત્રી પરિવારજનો બોમ્બે અશ્વમેઘ મહાયજ્ઞમાં જવા રવાના થયા

સંતરામપુર,
અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા ૪૭મો અશ્વમેધ મહાયજ્ઞ ખારગર બોમ્બે ખાતે તારીખ ૨૧ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ યોજાઈ રહેલ છે. તે કાર્યક્રમમાં મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાની શ્રી ગાયત્રી શકિતપીઠ સંતરામપુરના માધ્યમથી સંતરામપુર ફતેપુરા અને કડાણા તાલુકાના ૧૧૦ જેટલા ગાયત્રી પરિવારજનો બોમ્બે અશ્વમેધ મહાયજ્ઞમાં બે લકઝરી બસ દ્વારા આજે જવા રવાના થયા.

પંચમહાલ ઉપઝોન સંયોજક રામજીભાઈ ગરાસીયા તેમજ નગરપાલિકા ચીફ ઓફિસર હઠીલાએ લીલી ઝંડી આપી લકઝરીઓને બોમ્બે જવા રવાના કર્યા.